# આગ ઓકતી ગરમીથી અમદાવાદમાં ૫૯૦ લોકો બેભાન

## ગરમીમાં બહાર નીકળતાં ચેતજો, ચૌંકાવનારા આંકડા સામે આવ્યા : ગરમીના કેસ પર નજર કરીએ તો, પેટમાં દુખાવો ૩૩૮૯ કેસ સામે આવ્યા છે, ૧થી ૭ તારીખમાં રોજના ૨૫૧ હતા, જે ૮થી ૧૩ તારીખ વચ્ચે ૨૭૨ થતાં ૮.૨૪ ટકાનો વધારો થયો છે

અમદાવાદ, તા.૧૫

રાજ્યભરમાં ગરમીનો પારો ઉંચે જઈ રહ્યો છે અને તેમાં પણ અમદાવાદમાં ગરમીના પારો ૪૩ ડિગ્રીને પાર પહોંચતા હવામાન વિભાગે યલો એલર્ટની આગાહી કરી છે. આકાશમાંથી સુરજદાદા કોપાયમાન થયા હોય અને અગનજ્વાળાઓ વરસાવતા હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. ખાસ કરીને ગરમીના કારણે બિમારીના કેસોમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. ગરમીના કારણે બેભાન થઈ જવાની ઘટનાઓ વધી છે. માત્ર ૧૩ દિવસમાં જ અમદાવાદમાં ગરમીના કારણે અંદાજે ૫૯૦ લોકો બેભાન થઈ જવાની ઘટના ૧૦૮ ઈમરજન્સીમાં નોંધાઈ છે. જોકે, ગરમીના કારણે ઈમરજન્સી કેસોમાં પણ જબરદસ્ત ઉછાળો આવ્યો છે. માત્ર ૨ અઠવાડિયામાં આખા રાજ્યમાં ૯૫૦૦થી વધુ ઈમરજન્સીના કેસો નોંધાયા હોવાનું સામે આવ્યું છે. જે પ્રકારે ગરમીનો પારો ઉંચે જઈ રહ્યો છે તેને હવામાન વિભાગ ઓરેન્જ એલર્ટ અને યલો એલર્ટ આપી રહ્યું છે, ત્યારે ડોક્ટર્સ પણ કારણ વગર લોકોને ગરમીમાં બહાર નહીં નીકળવાની સલાહ આપી રહ્યા છે. ખાસ કરીને ગરમીના કારણે ૧૦૮ ઈમરજન્સીના કેસમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. જેના કારણે ઈમરજન્સી ઘટનાઓમાં મદદ મેળવવા ૧૦૮ ઈમરજન્સી કોલ સેન્ટરના ફોન સતત રણકી ઉઠ્યા છે. માત્ર બે અઠવાડિયામાં ઈમરજન્સીના ૯૫૫૭ કેસ નોંધાયા છે. રાજ્યમાં ગરમીના કેસ પર નજર કરીએ તો, પેટમાં દુખાવો ૩૩૮૯ કેસ સામે આવ્યા છે. ૧થી ૭ તારીખમાં રોજના ૨૫૧ હતા, જે ૮થી ૧૩ તારીખ વચ્ચે ૨૭૨ થતાં ૮.૨૪ ટકાનો વધારો થયો છે. વોમીટીંગ અને ડાયેરિયાના ૨૦૦૩ કેસ નોંધાયા છે. ૧થી ૭ તારીખમાં રોજના ૧૪૪ હતા, જે ૮થી ૧૩ તારીખ વચ્ચે ૧૬૬ થતાં ૧૪.૯૩ ટકાનો વધારો થયો છે. હીટ સ્ટ્રોકના ૩૦ કેસ સામે આવ્યા છે. ૧થી ૭ તારીખમાં રોજના ૧ હતા, જે ૮થી ૧૩ તારીખ વચ્ચે ૪ થતાં ૨૨૮.૫૭ ટકાનો વધારો થયો છે. હાઈ ફીવર કેસ ૧૫૦૮ નોંધાયા છે. ૧થી ૭ તારીખમાં રોજના ૧૦૮ હતા, જે ૮થી ૧૩ તારીખ વચ્ચે ૧૩૭ થતાં ૨૬.૨૧ ટકાનો વધારો જોવા મળ્યો છે. બેભાન થઈ જવાના ૨૩૮૯ કેસ જોવા મળ્યા છે. ૧થી ૭ તારીખમાં રોજના ૧૭૦ હતા જે ૮થી ૧૩ તારીખ વચ્ચે ૨૦૦ થતાં ૧૪.૨૦ ટકાનો વધારો થયો છે. અમદાવાદમાં નોંધાયેલા ગરમીના કેસો પર નજર કરીએ તો, પેટમાં દુખાવો ૯૩૮ કેસ નોંધાયા છે. ૧થી ૭ તારીખમાં રોજના ૬૭ હતા જે ૮થી ૧૩ તારીખ વચ્ચે ૭૯ થતાં ૧૮.૧૭ ટકાનો વધારો થયો છે. વોમીટીંગ અને ડાયેરીયાના ૪૪૯ કેસ નોંધાયા છે. ૧થી ૭ તારીખમાં રોજના ૩૦ હતા જે ૮થી ૧૩ તારીખ વચ્ચે ૪૦ થતાં ૩૨.૭૮ ટકાનો વધારો થયો છે. હીટ સ્ટ્રોકના ૬ કેસ સામે આવ્યા છે. ૧થી ૭ તારીખમાં રોજના ૦ હતા જે ૮થી ૧૩ તારીખ વચ્ચે ૬ થતાં ૪૮૩.૩૩ ટકાનો વધારો થયો છે. હાઈ ફિવર ૩૦૦ કેસ જોવા મળ્યા છે. ૧થી ૭ તારીખમાં રોજના ૨૦ હતા જે ૮થી ૧૩ તારીખ વચ્ચે ૨૭ થતાં ૩૫.૧૩ ટકાનો વધારો જોવા મળ્યો છે. બેભાન થઈ જવાની ઘટના ૫૯૦ કેસ નોંધાયા છે. ૧થી ૭ તારીખમાં રોજના ૪૪ હતા જે ૮થી ૧૩ તારીખ વચ્ચે ૪૮ થતાં ૯.૦૨ ટકાનો વધારો થયો છે. ગરમી અને હીટસ્ટ્રોકથી બચવા ડોક્ટર્સ પણ ગરમીમાં બહાર નીકળવું ટાળવું, કોટનના કપડા પહેરવા, લાંબી મુસાફરી હોય તો છાંયડામાં થોડો સમય ઉભા રહેવું, લીંબુ શરબત, છાશ, પાણી પ્રવાહીનો પુષ્કળ ઉપયોગની સલાહ આપી રહ્યાં છે.

# હાઈકોર્ટે ૬૮ પૈકી ૪૦ જજોની નિમણૂંકનો આદેશ કર્યો

## પ્રમોશનની પ્રક્રિયા વિવાદમાં આવવાથી અને સુપ્રીમના નિર્ણય બાદ ૪૦ જજોનું સિલેક્શન ફરી કરાશે

અમદાવાદ, તા.૧૫

ગુજરાતના ૬૬ જજોના પ્રમોશન પર સુપ્રીમ કોર્ટની રોક બાદ હાઈકોર્ટે નવુ લિસ્ટ જાહેર કર્યુ છે. તેમાં હાઈકોર્ટે ૬૮ જજનું પ્રમોશન લિસ્ટમાંથી ૪૪ જજને બહાર કરતા તેમને પરત જૂના પદ પર મોકલી દીધા છે. આ ઉપરાંત હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર, પ્રમોશન માટે યોગ્ય ગણાયેલા બાકી ૨૮ જજોનું અલગ લિસ્ટ જાહેર કર્યું છે. તેમને નવા પદ અપાયા છે. પ્રમોશનની પ્રક્રિયા વિવાદમાં આવવાથી અને સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ આજે ૪૦ જજોનું સિલેકશન ફરીથી કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે આખરે ગુજરાતના ન્યાયાધીશોના પ્રમોશન પર સ્ટે મૂકી દીધો હતો. ૮મી મેના રોજ સુનાવણી બાદ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. ત્યારે સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ પ્રમોશનની યાદીમાંથી મોટી સંખ્યામાં જજોના નામ હટાવવામાં આવ્યા છે. ગુજરાતના ૬૮ ન્યાયાધીશોની બઢતી પર સુપ્રીમ કોર્ટે આપેલા સ્ટેની અસર રાજ્યના ન્યાયતંત્ર પર પડી છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા તૈયાર કરાયેલી બઢતી યાદીમાંથી ૪૦ જજોના નામ કાઢી નાખવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ હવે ગુજરાત હાઈકોર્ટે ૬૫ ટકા ક્વોટા સિસ્ટમ હેઠળ મેરિટ અને સિનિયોરિટીના સિદ્ધાંત સાથે પરીક્ષાના માર્કસને ધ્યાનમાં રાખીને નવી યાદી બનાવી છે. આ કેસમાં ૬૮ માંથી ૪૦ જજોના નામ જૂની યાદીમાંથી કાઢી નાખવામાં આવી છે. આજે જે લિસ્ટ જાહેર કરાયં છે, તેમાં ૪૦ જજની જૂની પોઝિશન યથાવત રહેશે. સુપ્રીમકોર્ટે ગુજરાતની જિલ્લા અદાલતોમાં ૬૮ જજોની બઢતી પર સ્ટે મૂકેલ જજોમાં એ જજ પણ સામેલ હતા જેમણે રાહુલ ગાંધીના માનહાનિના કેસમાં સુનાવણી કરી હતી અને તેમને દોષિત ઠેરવતાં બે વર્ષની સજા કરી હતી. ગુજરાત સરકારના જ બે ન્યાયિક અધિકારીઓએ ૬૫ ટકા પ્રમોશનના ક્વૉટા હેઠળ ૬૮ જજોના પ્રમોશનને પડકાર્યો હતો. હવે આ મામલે આગામી સુનાવણી ૮ ઓગસ્ટે કરવામાં આવશે. જેના પર ફાઈનલ સુનાવણી સીજેઆઈ કરશે. જસ્ટિસ એમ.આર.શાહ અને જસ્ટિસ સી.ટી.રવિકુમારની બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી.

સુપ્રીમકોર્ટમાં જે અધિકારીઓએ આ અરજી દાખલ કરી હતી તેમનું નામ રવિ કુમાર મહેતા અને સચિન પ્રજાપતરાય મહેતા છે. બંને સિનિયર સિવિલ જજ કેડરના અધિકારી છે અને ખુદ ૬૫ ટકા ક્વૉટા માટે યોજાયેલી પરીક્ષામાં સામેલ પણ હતા. ગુજરાત સરકારના લીગલ ડિપાર્ટમેન્ટમાં અંડર સેક્રેટરી રવિ કુમાર મહેતાને ૨૦૦ માર્ક્સની પરીક્ષામાં ૧૩૫.૫ માર્ક્સ મળ્યા હતા. જ્યારે ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસિઝ ઓથોરિટીમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર સચિન પ્રતાપ રાય મહેતાએ ૧૪૮.૫ માર્ક્સ મેળવ્યા હતા. બંને જજોને આરોપ મૂક્યો હતો કે પરીક્ષામાં તેમનાથી ઓછા માર્ક્સ લાવનારા જજોને જિલ્લા જજની કેડરમાં પસંદ કરી લેવાયા હતા. જોકે વધુ માર્ક્સ મેળવનારા અનેક ઉમેદવારોને રિજેક્ટ કરી દેવાયા હતા.

# પાક.માંથી ૧૮૪ ગુજરાતી માછીમારોની વતન વાપસી

## પાકિસ્તાનની જેલમાંથી મુક્ત : ૧૯૮ પૈકી ૧૮૨ માછીમારો ગુજરાતના, અમૃતસરની ટ્રેનથી વડોદરા રેલવે સ્ટેશન પહોંચ્યા



ગાંધીનગર, તા.૧૫

પાકિસ્તાનની જેલમાં રહેલા ભારતીય માછીમારોના એક સમુહને મુક્ત કરવામાં આવતા તે વાઘા બોર્ડરથી આજે વહેલી સવારે વડોદરા ખાતે આવી પહોંચ્યા હતા. ચારેક વર્ષના અંતરાલ બાદ ગુજરાત પરત ફરેલા આ માછીમારોએ શ્વાસમાં વતનની સુગંધનો દરિયો ભરી લીધો હતો. વડોદરા ખાતે આ સમુહનું ટ્રેન મારફત આગમન થતાં મંત્રી રાઘવજી પટેલ સહિતના આગેવાનો દ્વારા હારતોરા કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ માછીમારોએ કોરોનાનો મહત્વનો તબક્કો પાકિસ્તાનની જેલમાં પસાર કર્યો છે. અરબી સમુદ્રમાં ભારતીય જળસીમામાં માછીમારી કરવા જતાં સાગરખેડૂઓને પાકિસ્તાન દ્વારા પકડી લેવામાં આવે છે અને તેનાં પર ત્યાંના કાયદાનુસાર કેસ ચલાવીને જેલમાં પૂરી દેવામાં આવે છે. ભારતીય જળ સીમામાંથી પકડાયેલા મોટાભાગના માછીમારોને કરાંચી નજીક આવેલી લાટી જેલમાં રાખવામાં આવે છે. પાકિસ્તાનની જેલમાં રહેલા ગુજરાતી માછીમારોને છોડાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલ ઉપરાંત કેન્દ્રીય રાજ્યમંત્રી પુરુષોત્તમ રૂપાલાએ કેન્દ્ર સરકાર સાથે સતત સંપર્ક સાધ્યો હતો. ગુજરાત સરકારના ઉક્ત પ્રયત્નોને પરિણામે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રી એસ. જયશંકરે પાકિસ્તાનની જેલમાં રહેલા ભારતીય માછીમારોને છોડાવવા માટે રાજદ્વારી પ્રયાસો કરતા તેને સફળતા મળી હતી અને પાકિસ્તાનના સત્તાધિશો દ્વારા ૧૯૮ ભારતીય માછીમારોને મુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મુક્ત કરવામાં આવેલા માછીમારો પૈકી ગુજરાતના ૧૮૪, આંધપ્રદેશના ૩, દિવના ૪, મહારાષ્ટ્રના ૫ અને ઉત્તરપ્રદેશના ૨નો સમાવેશ થાય છે. ગુજરાતની ૧૮૪ વ્યક્તિમાં ગિર સોમનાથ જિલ્લાના ૧૫૨, દેવભૂમિ દ્વારકાના ૨૨, જામનગર, જુનાગઢ, કચ્છ, વલસાડ અને નવસારીના એક-એક, પોરબંદરના પાંચ માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી મુક્તિ મળી છે.

# નડિયાદમાં આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી ૧૩ લાખની લૂંટ

## તમામ માર્ગો પર નાકાબંધી કરી તપાસ

નડિયાદ, તા.૧૫

નડિયાદ શહેરનાં ભાવસાર વાડ વિસ્તારમાં સ્વામિનારાયણ મંદિર પાસે આવેલ આંગડીયા પેઢીમાં લૂંટની ઘટના બનતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે શહેરમાં આવેલી વિજયકુમાર વિક્રમભાઈ પેઢીનો કર્મચારી પાસેથી રૂ.૧૩ લાખની લૂંટ ચલાવી લૂંટારૂઓ ફરાર થઈ ગયા હતા.એક્ટિવા પર આવેલા લૂંટારૂઓએ કર્મચારીને માથાનાં ભાગે હથોડી મારી ઈજાઓ પહોંચાડતા ઘાયલ કર્મચારીને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ નડિયાદ પોલીસને થતા એલસીબી, એસઓજી સહિતના કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. તેમજ નડિયાદમાં પ્રવેશવાનાં તમામ માર્ગો પર પોલીસ દ્વારા નાકાબંધી કરી તમામ વાહનોનું ચેકીંગ હાથ ધર્યુ હતું. ઘાયલ કર્મચારીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પોલીસ દ્વારા તેની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. એક્ટિવા પર આવેલા લૂંટારૂઓએ કર્મચારી પાસેથી પૈસા ભરેલ થેલો ઝુંટવવાનો પ્રયાસ કરતા લૂંટારૂઓએ કર્મચારીને માથાનાં ભાગે હથોડી મારી તેને ગંભીર ઈજા પહોંચાડી હતી.

# વાહનોની બેટરી ચોરતી ગેંગના સભ્યોએ બે વ્યક્તિની હત્યા કરી

રાજકોટ, તા.૧૫

પાર્કિંગમાં જેટલી પણ ટ્રક રાખવામાં આવી હોય એની બેટરીને ચોરતી ગેંગ સક્રિય થઈ ગઈ હતી. એટલું જ નહીં તેમને આ પ્રમાણે ચોરી કરતા લોકો જોઈ ગયા હતા. જેથી કરીને પોતાનો ભાંડો ન ફૂટે એના માટે બેટરી ચોરતી ગેંગના ૩ સભ્યોએ મળીને એ ૨ વ્યક્તિ પર હુમલો કર્યો હતો. આ દરમિયાન ગંભીર ઈજાને કારણે બંનેના મોત થતા હોબાળો મચી ગયો છે. તેવામાં પોલીસે અલફાઝ મજોઠી, હિરલ મહેશ્વરી અને નિખિલ મહેશ્વરીએ મળીને ૨ વ્યક્તિઓનું મર્ડર કરી દીધું છે. આ હત્યા રવિવારે સવારના સમયગાળા દરમિયાન કરવામાં આવી હતી. હત્યાને અંજામ આપ્યા પછી બેટરી ચોરતી ગેંગના સભ્યો ફરાર થઈ ગયા હતા. જોકે આ ઘટનામાં નરસિંહ ઠાકોર અને તેમના મિત્ર રમેશનાથ બાવાજીનું મૃત્યું થયું છે. આ દરમિયાન નરસિંહના પુત્ર નરેન્દ્રએ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી છે. જેમાં તેણે કહ્યું છે કે રવિવારે સવારે રેલવે સ્ટેશન પાસે ચાની કીટલી પાસે ગયા હતા. અહીં કેટલાક શખસો બેટરી ચોરતા જોવા મળ્યા હતા. પાર્ક કરાયેલી ટ્રકમાંથી તેઓ બેટરી કાઢતા હતા. પહેલા તો તેમને લાગ્યું કે ટ્રકના ડ્રાઈવર હશે પરંતુ ત્યારપછી એક પછી એક પાર્ક થયેલી બધી ટ્રકમાંથી બેટરી કાઢવાનો પ્રયાસ આ શખસો કરી રહ્યા હતા. જેમને જોઈને નરસિંગ ઠાકોર અને તેમના મિત્રને બેટરી ચોરાઈ જતી હોવાની શંકા થઈ. જેથી બંને મિત્રોએ આ બેટરી ચોરતી ગેંગને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ત્યારપછી ગેંગના સભ્યો ગુસ્સે થઈ ગયા અને તેમની પાસે ધસી આવ્યા હતા. નોંધનીય છે કે બેટરી ચોરતી ગેંગની ઓળખ છતી થઈ જતા તેના સભ્યો ગુસ્સે થઈ ગયા હતા અને નરસિંહ ઠાકોર અને તેમના મિત્ર પર હુમલો કરી દીધો હતો.

### આત્મનાદ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

જમાનામાં લિપસ્ટિકને સન્માન મળવા લાગ્યું. ઈંગ્લેન્ડની મહારાણી પણ લિપસ્ટિક લગાવતી.

વર્ષ ૧૮૮૪માં ફ્રાન્સની ગુરલેઈન નામની પરફ્યુમ કંપનીએ પહેલી વાર લિપસ્ટિકનું માર્કેટમાં વેચાણ કરવા માટે પધ્ધતિસરનુ ઉત્પાદન શરૂ કર્યું. એણે કાગળમાં વિટીને લિપસ્ટિક બજારમાં મૂકી, એના ત્રીસેક વર્ષ પછી મોરિસ લેવીએ સિલિંડ્રિકલ પેકિંગમાં લિપસ્ટિક માર્કેટમાં મુકી. ૧૯૨૦ આવતા સુધીમાં તો લિપસ્ટિકને વિશ્વની તમામ મહિલાઓની જિંદગીમાં કાયમી અને મોભાદાર સ્થાન મળી ગયું. વર્ષ ૧૯૫૦માં મેરલિન મોનરો, ઑર્ડે હેપબર્ન અને એલિઝાબેથ ટેલર જેવી હોલિુડની અદાકારાઓ ગ્લેમર આઈકોન બની. આ અદાકારાઓએ દુનિયાભરમાં મેકઅપનો નવો ટ્રેન્ડ ઉભો કર્યો. આ સમયમં લિપસ્ટિક પહેલાથી અનેકગણી વધુ લોકપ્રિય અને આકર્ષણનુ કેન્દ્ર બની.

વર્ષ ૧૯૫૨માં પોતાના રાજતિલક સમારોહ માટે એલિઝાબેથે ક્લારિન્સ બ્રાન્ડ પાસે પોતાનો અલગ લિપસ્ટિક શેડ તૈયાર કરાવ્યો હતો. આ લિપસ્ટિકનું નામ હતુ 'ધ બાલ મરોલ.' એના થોડા સમય પછી રેવલોન કંપની સ્મજ પ્રુફ લિપસ્ટિક લઈને બજારમાં ઉતરી. અને પછી તો વિવિધ બ્રાન્ડ વચ્ચે લિપસ્ટિક મેકિંગનુ રીતસરનું વોર જામ્યું. વર્ષ ૧૯૬૦ અને ૧૯૭૦ના દશકમાં લિપસ્ટિકને આર્ટ અને કલ્ચર તરફથી વિશેષ પ્રેરણા મળવાની શરૂ થઈ ગઈ. આ પછી ફેશન ઈન્ડસ્ટ્રીનું લિપ્સિટક મહત્વનું અંગ બની ગઈ. મેબલીન અને ઓરેન્જ લિપસ્ટિકનું ચલણ આ સમયમાં વધુ રહ્યું. ૮૦ના દાયકામાં શિમર અને ગ્લોસ પણ સામેલ થયા. બોલ્ડ રેડ લિપ એક વાર ફરી સ્ટેટમેન્ટ લુક બની છે. ત્યાર બાદ ૯૦ના દશકમાં સિમ્પલ મેકઅપની ફેશન આવી. આજે ૨૧મી સદીમાં લિપસ્ટિક વગર મેકઅપની કલ્પના પણ મહિલાઓ નથી કરી શકતી.

મહિલાઓ લિપસ્ટિક અને મેક-અપ કેમ કરે છે એ વિષય ઉપર બેશુમાર ચર્ચાઓ જગતમાં થઈ છે અને થઇ રહી છે અને ભવિષ્યમાં થતી રહેશે. ચર્ચાઓના અંતે એના પાંચ મહત્વના તારણો બહર આવ્યા છે એક તો લિપસ્ટિક મહિલાઓના આત્મવિશ્વાસને વધારે છે. બીજુ કિશોરાવસ્થાને વધારી તરૂણાવસ્થા બતાવવામાં ઉપયોગી થાય છે એ જ રીતે ત્રીજુ વધતી વયની કરચલીઓ દબાવી યુવાન દેખાવામાં મદદ કરે છે. ચોથું સુંદર દેખાવા માટે અને પાંચમું મેક-અપની મઝા માણવા માટેનુ છે. શણગાર અને શ્રૃંગાર જીવનની નવી તાજગી છે. શણગાર માત્ર સ્થૂળ અર્થમાં સજવામાં આવે ત્યારે એ બોજારૂપ બની જાય છે. શણગારની પાછળ વૈજ્ઞાનિક અને તાર્કિક કારણો છે. અતિ સર્વદા વર્જયતેના સિદ્ધાંત મુજબ પ્રમાણસરનો શણગાર આંખોમાં વસે છે, મનમાં થઈને હદયમાં ઉતરે છે પરંતુ વધારે પડતી ભડકીલી શ્રૃંગાર શૈલી આંખોને કઠે અને ભદ્દી લાગે છે.

**ધબકાર :**

'મુસ્કુરાયે બગૈર ભી વો હોઠ નજર આતે હૈ મુસ્કુરાયે હુએ...'

- અનવર શઉર

### કકળાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણીનો પુરતો સપ્લાય આપવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ હતુ પરંતુ છેલ્લા દિવસથી તપતી ગરમી વચ્ચે સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. ગાંધીનગરમાં એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે સ્માર્ટ સીટીમાં આગામી દિવસોમાં પાણીની કોઈ ફરિયાદ રહેશે નહી તેમ પણ મનાઈ રહ્યુ છે. પરંતુ હાલ છાશવારે સેકટરોમાં પાણીનો કકળાટ સ્થાનિકો માટે રોષનુ કારણ બને છે. હાલ પણ નવા સે ૧ થી ૧૩ માં છેલ્લા ત્રણ દિવસથી પુરતા દબાણથી પાણી આવતુ નથી સેકટરવાસીઓના જણાંવ્યા મુજબ પાણીની ટાંકી પણ ભરાતી નથી આકરી ગરમીમાં સાંજ પડતા પાણી માટે રહીશોએ વલખા મારવા પડે છે. અગાઉ પણ સરીતા ઉધાનમાં ટ્રાન્સફોર્મર બળી જતા પાણીની સમસ્યા સર્જાઈ હતી જયારે અગાઉ પણ પુરવઠા બોર્ડ દ્વારા પુરતા પ્રમાણમાં સપ્લાય ન અપાતા સેકટરોમાં પાણીની બુમ ઉઠવા પામી હતી છેલ્લા ત્રણ દિવસથી પ્રતિદિન અપાતા સપ્લાયની સામે ૮ એમ એલ ડી પાણી ઓછુ આપવામાં આવે છે જેના લીધે તંત્ર દ્વારા સેકટરોમાં પણ પુરતા પ્રમાણમાં સપ્લાય આપી શકાતો નથી આ સ્થિતિ વચ્ચે છેલ્લા ત્રણ દિવસથી નવા સેકટરોમાં પાણીની બુમ ઉઠવા પામી છે. એકબાજુ ગરમી વધુ છે ત્યારે પાણી પણ પુરતા પ્રમાણમાં ન મળતા સેકટરવાસીઓ આગ બબુલા બન્યા છે.

### રામ નામથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે કથાનું સમાપન થયું.આવતી કાલે શિવ વિવાહ અને રામજન્મની કથા આવશે.

આજની કથામાં ધારાસભ્યશ્રી કાંતિભાઈ અમૃતિયા,શ્રી ભવાનભાઈ ભરવાડ,માજી મંત્રી શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી એમ.આઈ જોશી, પુરુષોત્તમ રૂપાલા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા વાર્તાકાર કેશુભાઈ દેસાઈ વગેરે ઉપસ્થિત હતાં.

### દવા લખવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે આદેશ જારી કરતા કહ્યું કે, ઘણા મામલાઓમાં કમિટીના ધ્યાને આવ્યું છે કે, ઘણા ડોક્ટરો તેમની પ્રિસ્ક્રિપ્શનમાં જેનરિક દવાઓના નામો લખી રહ્યા નથી. આવી સ્થિતિમાં આ આદેશનો સંપૂર્ણ અમલ થાય અને પ્રિસ્ક્રિપ્શન પર માત્ર અને માત્ર જેનેરિક દવાઓ લખવામાં આવે.

સામાન્ય રીતે બ્રાન્ડેડ દવાઓ કરતાં જેનરિક દવાઓ ઘણી સસ્તી હોય છે. દવાઓ સસ્તી હોવાના કારણે દર્દીઓ પર આર્થિક બોજો પડતો નથી. બ્રાન્ડેડ અને જેનરિક દવાઓની કિંમતોમાં જમીન-આસમાનનો તફાવત હોય છે.

ઉલ્લેખનિય છે કે, અગાઉ પણ આવો આદેશ જારી કરવામાં આવ્યો હતો, તેમ છતાં કેટલાક ડોક્ટરો દ્વારા પ્રિસ્ક્રિપ્શન પર બ્રાન્ડેડ દવાઓ લખવામાં આવી રહી છે. બ્રાન્ડેડ દવાઓ લખવા પાછળ જેનરિક દવાઓની ઉપલબ્ધતાને પણ જવાબદાર માનવામાં આવે છે. મોટાભાગની સરકારી હોસ્પિટલોમાં જેનરિક દવાઓની અછતના કિસ્સાઓ પણ સામે આવી ચુક્યા છે.

### ધરણા યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાસેથી દરરોજ તપાસના પ્રગતિ રિપોર્ટની માહિતી મેળવી રહ્યા છે. એસઆઈટીપણ રમત મંત્રાલયના સતત સંપર્કમાં છે. પોલીસ અધિકારીનું કહેવું છે કે, આ કેસમાં લગાવાયેલા આરોપો ઘણા જૂના છે. સાંસદ દ્વારા અલગ-અલગ સ્થળોએ યૌન શોષણ કરાયું હોવાનું પીડિતોએ આરોપ લગાવ્યો છે. જેના કારણે તપાસ ટીમને પુરાવા એકત્રિત કરવા ઘણા રાજ્યોમાં જવું પડશે. પોલીસનું કહેવું છે કે તપાસમાં લાંબો સમય લાગી શકે છે. તમામના નિવેદનો નોંધ્યા બાદ અને ગુનાના ઘટના સ્થળોની તપાસ કર્યા બાદ પોલીસ નિર્ણય લેશે કે સાંસદની ધરપકડ થઈ શકે છે કે નહીં.

### ટ્રેક કરી શકાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરતાં તેમણે આ વાતની પુષ્ટિ કરી હતી. તેમણે કહ્યું, આ ક્વાર્ટરની અંદર ભારતમાં આ સિસ્ટમ શરૂ કરી દેવામાં આવશે. જેની મદદથી લોકો પોતાના ખોવાયેલા મોબાઈલ ફોનને બ્લોક અને ટ્રેક કરી શકશે.

આજકાલ મોબાઈલ ક્લોનિંગ થકી પણ સાયબર ફ્રોડ થતા હોય છે. એવામાં આ નવી સિસ્ટમ થકી મોબાઈલ ક્લોનિંગની પણ તપાસ કરી શકાશે. સીડોટએવા ફીચર્સ ઉમેરશે જેની મદદથી કોઈપણ ટેલિકોમ નેટવર્ક ક્લોન થયેલા ફોનને પણ બ્લોક કરી શકશે. આ આઈએમઈઆઈ નંબરથી શક્ય બનશે. કેંદ્ર સરકારે કોઈપણ મોબાઈલ ડિવાઈસ ભારતમાં વેચતા પહેલા તેનો આઈએમઈઆઈ નંબર જાહેર કરવાનું ફરજિયાત કર્યું હતું. પરિણામે, મોબાઈલ નેટવર્ક પાસે અપ્રુવ થયેલા આઈએમઈઆઈ નંબરોની યાદી હશે અને તેઓ તેમના નેટવર્ક પર કોઈપણ અનઓથોરાઈઝ્ડ મોબાઈલ ફોનની એન્ટ્રી વિશે માહિતી મેળવી શકશે. ઉલ્લેખનીય છે કે, આઈએમઈઆઈએ દરેક મોબાઈલ ડિવાઈસનો ૧૫ આંકડાનો યુનિક ન્યૂમરિક આઈડેન્ટીફાયર છે.

### મદ્રેસા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેં આસામની ૬૦૦ મદરેસાઓ બંધ કરી છે. આ વર્ષે વધુ ૩૦૦ મદરેસાઓ પર કાર્યવાહી કરીશું.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ અસઉદ્દીન ઓવેસીએ આસામની મદરેસા પર થઈ રહેલ કાર્યવાહી અંગે વકતવ્ય કર્યુ હતુ, આ વર્ષે જાન્યુઆરી મહિનામાં ઓવેસીએ ટ્વીટ કર્યુ હતું કે, આસામ વિદેશી દેશ નથી જ્યાં ભારતીય લોકોને તમારી પાસેથી પરવાનગી લેવી પડે. ભારતના કોઈ પણ વિસ્તારમાં રહેવાનો અને સ્થાયી થવાનો દરેક ભારતીયને હક્ક છે અને તેનો મૂળભૂત અધિકાર પણ છે. આરએસએસ સંચાલિત સ્કૂલોના શિક્ષકોનું શું? આસામના લોકો પર અન્ય રાજ્ય પણ જો આવા જ નિયમો લાગુ કરે તો? આવું ટ્વીટ ઓવીસે કર્યુ હતું.

ઉપરાંત હિમંતા બિસ્વા સરમાએ કર્ણાટકમાં કોંગ્રેસના વિજયની મજાક ઉડાવી હતી. ભાજપની સચીન તેંડુલકર સાથે તુલના કરી બિસ્વાએ કહ્યું કે, ક્યારેક ક્યારેક તે ઝીરો પર પણ આઉટ થાય છે. કોંગ્રેસે એક રાજ્યમાં જીત મેળવી અને તેઓ આટલાં ઉછળ કૂદ કરી રહ્યાં છે. ભાજપે અનેક રાજ્યમાં જીત મેળવી છે પણ અમે ક્યારેય આવી ઉછળ કૂદ કરી નથી.

# પેસેન્જરોની સલામતીને લઈ પોલીસનો પાઈલટ પ્રોજેક્ટ

## બારકોર્ડ મારફતે મુસાફરોને મળશે રિક્ષા માલિકની વિગતો

અમદાવાદ, તા.૧૫

અમદાવાદ શહેરના રસ્તાઓ પર જો કોઈ વાહન સૌથી વધુ જોવા મળતું હોય તો તે રિક્ષા છે. પરિવહનના સૌથી લોકપ્રિય સાધન રિક્ષાનો ઉપયોગ ઘણા લોકો રોજગાર મેળવવા માટે કરતા હોય છે, પરંતુ શહેરમાં કેટલાક લોકો એવા પણ છે જે રિક્ષાનો ઉપયોગ ગુનાખોરી માટે કરે છે. રિક્ષામાં પેસેન્જરોને લૂંટવાના હજારો કિસ્સા સામે આવ્યા છે ત્યારે હવે તેના પર ફૂલસ્ટોપ વાગી જાય તેવી શક્યતાઓ નકારી શકાતી નથી. રિક્ષામાં થતી ગુનાખોરીને રોકવા માટે પોલીસ 'નિર્ભયા પ્રોજેક્ટ' અંતર્ગત બારકોડ સિસ્ટમ લાવી રહી છે. શહેરમાં ૪૦ હજારથી વધુ રિક્ષાચાલકોએ બારકોડ લગાવવા માટેના તમામ ડોક્યુમેન્ટ નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દીધા છે. જ્યારે કોઈ પણ પેસેન્જર રિક્ષામાં બેસે તે પહેલાં તેણે બારકોડ પોતાના મોબાઈલમાં સ્કેન કરવાનો રહેશે. જેથી ચાલકની તમામ માહિતી ફોનમાં આવી જશે. આ સિસ્ટમ લાગુ પડતાંની સાથે રિક્ષામાં થતી ચોરી, લૂંટ, છેડતી જેવા અનેક કિસ્સા આપોઆપ બંધ થઈ જશે.

ગુનાખોરીને અંજામ આપનાર રિક્ષાચાલકોના કારણે આજે મહેનત કરીને પોતાનું તેમજ પરિવારનું ગુજરાન ચલાવનાર રિક્ષાચાલક પણ બદનામ થઈ રહ્યો છે. કેટલાક પેસેન્જર રિક્ષામાં બેસતાં પહેલાં દસ વખત વિચાર કરે છે કે શું તે સુરક્ષિત જગ્યાએ હેમખેમ પહોચી જશે ખરા. પેસેન્જરને આ પ્રકારનો વિચાર કરવા પાછળનું કારણ એટલું જ છે કે આજે રિક્ષાચાલકોની આડમાં લૂંટ કરતી ટોળકી સક્રિય થઈ છે. રિક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં ફરતી ગેંગનો આતંક ધીમે ધીમે વધી રહ્યો છે. આ ગેંગ ક્યારેક ક્યારેક પેસેન્જરને ડરાવી ધમકાવીને તેમની પાસેથી કિંમતી ચીજ વસ્તુ કે રૂપિયા પડાવી લે છે અથવા તો નજર ચૂકવીને ચોરી કરતા હોય છે. છરીની અણીએ પણ પેસેન્જરોનો લૂંટવાના અનેક કિસ્સા શહેરના અનેક પોલીસ સ્ટેશનમાં નોંધાયા છે. પોલીસ તેમજ ક્રાઈમ બ્રાંચે રિક્ષામાં ચોરી કરતી અનેક ગેંગને દબોચી લીધી છે તેમ છતાંય પેસેન્જરોને લૂંટવાના તેમજ ચોરી થવાના કિસ્સા અટકતા નથી. શહેરમાં પેસેન્જરો સુરક્ષિત રહે અને કેટલાક રિક્ષાચાલકોના કારણે તમામ રિક્ષાચાલકોની ઈજ્જત ખરડાય નહીં તે માટે પોલીસ 'નિર્ભયા પ્રોજેક્ટ' અતર્ગત બારકોડ સિસ્ટમ લાવી રહી છે.

ટ્રાફિકનાં ડીસીપી નીતા દેસાઈના જણાવ્યા અનુસાર રિક્ષામાં થતી ચોરી, છેડતી, લૂંટ સહિતની ઘટનાઓને રોકવા માટે ફરજિયાત બારકોડ લગાવવાનો નિર્ણય લેવાયો છે. રિક્ષામાં ત્રણ જગ્યા પર બારકોડ લગાવવામાં આવશે. જેમાં જ્યારે પણ પેસેન્જર રિક્ષામાં બેસે ત્યારે તેણે પોતાના મોબાઈલથી કોડ સ્કેન કરવાનો રહેશે. કોડ સ્કેન કરતાંની સાથે જ રિક્ષાચાલકનું નામ, ફોટોગ્રાફસ, સરનામું તેમજ આરટીઓ રજિસ્ટ્રેશન નંબર સહિતની વિગત મોબાઈલમાં આવી જશે.